(35)

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા

# વેરા સમાધાન યોજના તથા સબકા વિશ્વાસ યોજના અંગે બેઠક યોજાઇ




**ખબર-જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારની વેરા સમાધાન યોજના-૨૦૧૯ તથા સબકા વિશ્વાસ લીગાસી ડીસ્પ્યુટ રીઝોલ્યુશન સ્કીમ ૨૦૧૯ અંગે તા.૦૩ના રોજ એક માર્ગદર્શન બેઠકનું આયોજન કરવામાં આવેલ હતુઃ. આ બેઠકમાં સેન્ટ્રલ જીએસટી વિભાગ તરફથી વિશાલ માલાણી, જોઈન્ટ કમિશ્નર, મધુસુદન રાવ, આસી.કમિશ્નર બી.એચ.મોરી, આસી.કમિશ્નર, એસજીએટી તથા ગુલાબભાઈ ચૌધરી, આસી.કમિશ્નર, એસજીએટી વિગેરે અધિકારીઓ ઉપસ્થિત રહેલ હતા. આ બેઠકમાં સંસ્થાના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાએ સ્વાગત કરતા જણાવેલ કે સરકાર દ્વારા કરદાતઓના જુના પડતર કેસો માટે ભરવાના થતા વેરાઓ માટે તૈયાર કરેલ આ યોજનાઓ વિશે માહિતી આપવા માટે બેઠકનું આયોજન કરેલ છે, વધુમાં જણાવેલ કે અધિકારીઓની ફરજ મુજબ વ્યાપાર-ઉદ્યોગ પાસેથી કર વસુલ કરવો તથા આપણી જવાબદારી કર ભરવાની છે પરંતુ ક્યારેય પણ થયેલ કોઈ ક્ષતિને લીધે કોઈ કરદાતા પર કોઈ ડીમાન્ડ ઉપસ્થિત થયેલ હોય ત્યારે ન ભરેલ કર માટે સરકાર આ પ્રકારની યોજનાઓ વેપારીઓને ખુબ કામ આવે છે. વધુમાં જણાવ્યું કે વેપારીઓ ઉદ્યોગકારો લોકોને રોજગારી પુરી પાડે છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા પણ તેમને વધુ ફાયદો મળે તે રીતે કામગીરી કરવી જોઈએ તથા તેને ધ્યાને લેવું જોઈએ તેમજ વેપારીઓ ઉદ્યોગકારોને આ યોજનાનો લાભ લેવા સૌને અનુરોધ કરેલ હતો.

આ તકે ચેમ્બરના હોદેદારઓ તથા પેનલ ચેરમેન દ્વારા અધિકારીઓને પુષ્પગુચ્છ તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ હતો.

આ બેઠકમાં વિશાલ માલાણી, સયુંક્ત કમિશ્નર, સીજીએસટી એ તેના પ્રાસંગીક ઉદબોધનમાં જણાવેલ કે સરકાર દ્વારા સબકા વિશ્વાસ યોજના શરૂ કરવામાં આવેલ છે જેમાં સર્વિસ ટેક્સ, સેન્ટ્રલ એકસાઈઝ માટે છે આવી યોજના ક્યારેય આવેલ નથી અને આવશે પણ નહિ. જેમાં દંડ, વ્યાજ નહિં પરંતુ અમુક કિસ્સામાં ટેક્ષની રકમમાં પણ ૫૦ ટકા સુધીની છુટ આપેલ છે. તેમણે ચેમ્બરને કરદાતાઓને જાણ કરી કર ભરાવવામાં આવે તે માટે અનુરોધ કરેલ હતો. આ યોજનાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન છે. ત્યારબાદ સુપ્રિન્ટેન્ડન્ટ રવિ રાયઠઠ્ઠા તથા નિરીક્ષક રાહુલ વર્મા દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેન્શન દ્વારા માહિતી અને જાણકારી આપી સમજણ આપી હતી.